જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૧/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૨૮૪ લીટર દેશી દારૂ, ૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૫ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૪/૧૬**

**વાડજઃ** જીણીબહેન પીરાજી ભીલ (રહે.સુભાષનગરના છાપરાં ભીલવાસ સૌરાબજી કમ્પાઉન્ડ જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પૌત્રી મમતાબહેન બળદેવભાઈ ભીલ (ઉ.વ.૧૬) ને આરોપી ક્રિષ્ણ રાકેશભાઈ રામજીભાઈ (રહે.ગાંધીનગરનો ટેકરો જુનાવાડજ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી જી રાઠોડ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** ગંગાબહેન વા\ઓ કમલસિંગ કાછી (રહે. નવી વસાહત સંદિપ સ્ટુડિયો સામે જશોદાનગર) એ તા. ૪/૧૧/૧૬ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૬ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કિરણ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ધાસુરા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૫/૧૬**

**ઓઢવઃ** ધવલભાઇ ગુણવતભાઇ સુથાર (રહે.અમરનાથવિલા તક્ષશીલામોલ યુ.એસ.પીઝા સામે ઓઢવ રીંગ રોડ ઓઢવ) એ તા.૪/૧૧/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૧/૧૬ રાતના ૧૦/૩૦ થી તા.૪/૧૧/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીની ચીજવસ્તુઓ કિમત રૂપિયા ૨૯,૫૦૦/- અને રોકડ રૂપિયા ૬,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૭૯,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૬/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** અશોકકુમાર મણીલાલ પંડ્યા (રહે. મણીનગર ચાર રસ્તા કિસાના કોમ્પલેક્ષ મણીનગર) એ તા.૪/૧૧/૧૬ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઇલાઇટ એજ્યુકેશન અને ઈલાઈટ ઈન્સ્ટિટ્યુટ રાજકોટ ના એમ.ડી.(૧) વૈશાલી હરેશભાઇ પંડ્યા (રહે. રાધેકૃષ્ણ ૨૭ શિવમ પાર્ક, શેરી નં.-૪ ધરમનગર પાછળ, રામાપીર ચોકડી પાસે, રાજકોટ) અને (૨) મિલાપ પંડ્યા એ ભેગા મળી રાજકોટ અને ભુજ મુકામે ઇલાઇટ એજ્યુકેશન અને ઈલાઈટ ઈન્સ્ટિટ્યુટના નામે અલગ અલગ યુનીવર્સીટીઓના એમબીએના બનાવટી માર્કશીટ બનાવી અશોકકુમારના પુત્ર તથા સાહેદો પાસેથી પૈસા મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૭/૧૬**

**વટવાઃ** વિનોદભાઇ નાનજીભાઇ ગજ્જર (રહે. બાબુનગર વાઘેશ્વરી બસ સ્ટેન્ડ પાસે કે.કે.નગર ઘાટલોડીયા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૧/૧૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વિનોદભાઈ ગજ્જરના પત્ની વટવા ઘોડાસર કેડીલા બ્રીજની પાસે રાધિકા બંગલોઝ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) પુરૂષ વિનોદભાઈના પત્નીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ઠૂમ્મર ચલાવે છે.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૮/૧૬**

**શાહીબાગઃ** નીલમબહેન વા\ઓ જીતેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. ગવર્મેન્ટ બી કોલોની સિવિલ અસારવા શાહીબાગ) તા.૪/૧૧/૧૬ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીજા માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી "એફ" ડીવીઝન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)